જન્મદિને વધામણી

જયશ્રીબેન ભટ્ટ
કારોબારી સભ્ય, સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ



રતનસિંહ મનુભા વાઘેલા
અધ્યક્ષ, ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ (લગ્ન સમિતિ)
મો. ૯૮૯૮૮ ૨૧૭૪૬

અમિત બી મેવાડા
મો. ૯૭૧૨૭ ૩૨૫૫૨

ગાંધીનગર જિલ્લાના 'ઈકો એમ્બેસેડર'ની નિમણુંક થઈ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાં દર વર્ષે ઈકો એમ્બેસેડરની નિમણુંક કરવામાં આવે છે. છેલ્લા ૧૦ વર્ષથી નેશનલ ગ્રીન કોર્પ્સ યોજના અંતર્ગત જિલ્લાની ૨૫૦ શાળાઓમાં ઈકો કલબ કાર્યરત છે. ગીર ફાઉન્ડેશન ઈકો કલબની પ્રવૃત્તિ માટે નોડલ એજન્સી તરીકે કામ કરે છે. વન્ય પ્રાણી સપ્તાહ નિમિત્તે ગાંધીનગર જિલ્લામાં દર વર્ષે ઈકો એમ્બેસેડરની નિમણુંક કરવામાં આવે છે. તાજેતરમાં વન ચેતના કેન્દ્ર ખાતે જિલ્લા કક્ષાની સ્પર્ધા યોજીને શાહ નિધી અશોકભાઈને જિલ્લાના યુવા ઈકો એમ્બેસેડર તરીકે જાહેર કરવામાં આવ્યા છે જે શેરથાની જે.એમ.જે. હાઈસ્કુલમાં ધો-૧૦માં અભ્યાસ કરે છે.

ગાંધીનગરના નાયબ વન સંરક્ષક અને જિલ્લાના ઈકો કલબના કો-ઓર્ડીનેટરના સંયુકત નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે આવનારા દિવસોમાં ઈકો કલબની પ્રવૃત્તિનો વ્યાપ વધારી પર્યાવરણ સંરક્ષણ અને સંવર્ધનની પ્રવૃત્તિઓ કરવામાં આવશે. આવનારા દિવસોમાં રાજયના દરેક જિલ્લાના યુવા ઈકો એમ્બસેડર ગાંધીનગર ખાતે પ્રકૃતિ શિબિરમાં ભાગ લેશે અને પર્યાવરણના પદાર્થપાઠનો પ્રચાર અને પ્રસાર કરવાનું શીખશે.

ગુજરાત યુનિવર્સિટી દ્વારા ૧થી ૩ જાન્યુઆરી દરમ્યાન

'ગુજરાત સાહિત્યોત્સવ'ની ઉજવણી કરાશે

નામાંકિત સાહિત્યકારો, લોક સાહિત્યકારો અને કવિ-લેખકો ભાગ લેશે

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાત યુનિવર્સિટીના ઈતિહાસમાં પ્રથમ વખત માતૃભાષા પર્વની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે, જે અંતર્ગત આગામી તા. ૧થી ૩ જાન્યુઆરી દરમ્યાન સાહિત્યોત્સવ ઉજવાશે.

આ સાહિત્યોત્સવમાં ગુજરાતના નામાંકિત સાહિત્યકારો, લોક સાહિત્યકારો અને કવિ-લેખકો ભાગ લેશે. યુનિવર્સિટી કન્વેન્શન હૉલમાં યોજાનારા આ કાર્યક્રમ માટે હાલ રજિસ્ટ્રેશન માટે અલગ વેબસાઈટ તૈયાર કરવામાં આવી છે અને બે હજારથી વધુ લોકોએ પોતાનું રજિસ્ટ્રેશન કરાવી દીધું હોવાના સમાચાર મળ્યા છે.

'ગુજરાતી સાહિત્યોત્સવ ૨૦૧૬' નામે આ માતૃભાષા મહોત્સવ ઉજવવામાં આવશે. હાલ, ચૂંટણી હોવાથી આ કાર્યક્રમની મોટાપાયે જાહેરાત કરવાનું મુલતવી રખાયું છે, પરંતુ સૂત્રો જણાવે છે કે યુનિવર્સિટીએ આ કાર્યક્રમમાં વડાપ્રધાન ઉપસ્થિત રહે એવા પ્રયાસો પણ કર્યા છે.

યુનિવર્સિટીને સમગ્ર કાર્યક્રમની રૂપરેખા આપી દેવામાં આવી છે. સામાન્ય રીતે આવો કાર્યક્રમ માત્ર ભાષા ભવન પૂરતો જ સીમિત રહેતો હોય છે પરંતુ યુનિવર્સિટીએ તમામ વિભાગોના પ્રૉફેસર્સ અને વિદ્યાર્થીઓને આ કાર્યક્રમમાં સામેલ કરીને સાહિત્યોત્સવની રાજ્યકક્ષાએ નોંધ લેવામાં આવે તેવી તૈયારીઓ શરૂ કરી દીધી છે. કાર્યક્રમના આયોજન માટે પાંચ કમિટી પણ તૈયાર કરવામાં આવી હોવાના ખબર છે, જેમાં કુલપતિ, રજિસ્ટ્રાર સહિત ૧૨ પ્રૉફેસર્સને સામેલ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત રિસેપ્શન કમિટી, રજિસ્ટ્રેશન કમિટી, સ્ટેજ ડેકોરેશન કમિટી અને સોવેનિયર કમિટી તૈયાર કરવામાં આવી છે.

તા. ૧ જાન્યુઆરીના રોજ સવારે ૧૦ કલાકે સાહિત્યોત્સવનું ઉદ્ઘાટન કરવામાં આવશે. બપોરે ૨.૩૦થી ૪.૩૦ સુધી સાહિત્યનો આનંદ અને સાંજે પાંચથી ૭ દરમ્યાન હાસ્ય અને હું કાર્યક્રમ અંતર્ગત વિનોદ ભટ્ટ, રતિલાલ બોરીસાગર, રાત્રે ૯થી ૧૨ દરમ્યાન જીતુદાન ગઢવી, શાહબુદ્દીન રાઠોડ, હેમંત ચૌહાણ, અભેસિંહ રાઠોડ, નિરંજન પંડ્યા, ભારતી વ્યાસ, મેરાણ ગઢવી અને આદિત્ય ગઢવી દ્વારા લોકડાયરો યોજવામાં આવશે.

તા. બીજી જાન્યુઆરીના રોજ સવારે ૧૦થી ૧૧ કથા અને કૅફિયત અંતર્ગત વર્ષા અડાલજા, ઈલા આરબ મહેતા, સવારે ૧૧થી ૧૨.૩૦ પાટ પરંપરા અંતર્ગત દલપત પઢિયાર, બપોરે બેથી ૩.૩૦ જૂની રંગભૂમિનાં ગીત, ૩.૩૦થી ૪.૩૦ પારસી રંગભૂમિ-યઝદી કરંજિયા, સાંજે ૭.૩૦ કવિ સંમેલનમાં જલન માતરી, રાજેન્દ્ર શુક્લ, ચિનુ મોદી, ખલીલ ધનતેજવી, વિનોદ જોશી, માધવ રામાનૂજ, અનિલ જોશી અને હરીશ મિનાશ્રુ ઉપસ્થિત રહેશે તથા રાત્રે ૯થી ૧૨ દરમ્યાન સૌમ્ય જોષીનું સફળતમ નાટક '૧૦૨ નૉટઆઉટ' યોજાશે.

તા. ૩ જાન્યુઆરીના રોજ સવારે ૧૦થી ૧૧ કથા અને કેફિયત, ૧૧થી ૧૨.૩૦ ગુજરાતી નાટ્યાંશોનું પઠન, બપોરે ૩.૪૫થી ૪.૩૦ ભાષા અને સંચાર માધ્યમો તથા સાંજે પાંચથી ૭ દરમ્યાન સમાપન સમારોહ યોજવામાં આવશે. રાત્રે ૮.૩૦થી ૧૨ દરમ્યાન સુગમ સંગીતનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.

નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા વૅકેશન સંગ વિજ્ઞાન કાર્યક્રમ અંતર્ગત મૉડેલ રૉકેટરી વર્કશૉપ યોજાયો

વિદ્યાર્થીઓને સીંગલ સ્ટેજ રૉકેટ, ડબલ સ્ટેજ રૉકેટ, પેરાશૂટ રૉકેટ તથા રૉકેટની કીટ બનાવતાં શીખવવામાં આવ્યું

ગાંધીનગર, તા. ૨૦

વૅકેશનમાં પણ વિદ્યાર્થીઓ વિજ્ઞાનલક્ષી પ્રવૃત્તિઓ કરીને રજાઓનો સદુપયોગ કરે તે હેતુથી નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા દર વર્ષે દિવાળી વૅકેશન અને ઉનાળુ વૅકેશનમાં 'વૅકેશન સંગ વિજ્ઞાન' કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. વિદ્યાર્થીઓ વિજ્ઞાનમાં રસ લેતા થાય અને તેમનામાં વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ વિકસે તે હેતુથી જુદી-જુદી વૈજ્ઞાનિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓ પાસે કરાવવામાં આવે છે.

આ જ ક્રમમાં આજથી નિસર્ગ ખાતે વૅકેશન સંગ વિજ્ઞાન કાર્યક્રમનો આરંભ થયો છે, જે આગામી તા. ૨૨ સુધી ચાલશે. આજે આ કાર્યક્રમ અંતર્ગત મૉડેલ રૉકેટરી વર્કશૉપ યોજવામાં આવ્યો હતો. આ વર્કશૉપમાં કો-ઓર્ડિનેટર હાર્દિક મકવાણા દ્વારા વિદ્યાર્થીઓને રૉકેટના વિવિધ ભાગો વિશે તેમજ રૉકેટ વિજ્ઞાનના સિધ્ધાંતો અંગે વિશદ માહિતી આપવામાં આવી હતી. ઉપરાંત વિદ્યાર્થીઓને ઈસરો વિશે પણ રસપ્રદ માહિતી આપવામાં આવી હતી. ઈસરો દ્વારા અવકાશમાં છોડવામાં આવેલા વિવિધ ઉપગ્રહો, પીએસએલવી, જીએસએલવી રૉકેટ વિશે પણ શિબિરાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા.

વિદ્યાર્થીઓને સીંગલ સ્ટેજ રૉકેટ, ડબલ સ્ટેજ રૉકેટ, પેરાશૂટ રૉકેટ તથા રૉકેટની કીટ બનાવતાં શીખવવામાં આવ્યું હતું. રૉકેટની અવકાશમાં ઊંચાઈ અંગેની ગણતરીની સમજ પણ શિબિરાર્થીઓને આપવામાં આવી હતી. રિમોટ કંટ્રોલ દ્વારા રૉકેટને લૉન્ચ કેવી રીતે કરવામાં આવે છે તે અંગેની રસપ્રદ માહિતી શિબિરાર્થીઓને અભિભૂત કરી ગઈ હતી. તાલીમ બાદ શિબિરાર્થીઓએ જાતે રૉકેટ બનાવીને તેનું લૉન્ચીંગ પણ કર્યું હતું. આ વર્કશૉપમાં ગાંધીનગરની વિભિન્ન શાળાઓના ૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ વર્કશૉપને સફળ બનાવવામાં શીવાંગ પટેલ, વિવેક મકવાણા, જિતેન્દ્ર ઠાકોરે ભારે જહેમત ઉઠાવી હતી.

મનોરંજન

સિટી પલ્સ

સ્ક્રીન-૧
પ્રેમ રતન ધન પાયો
રાત્રે ૯.૩૦

સ્ક્રીન-૨
પ્રેમ રતન ધન પાયો
૧૨.૩૦, ૩.૪૫, ૭.૦૦. ૧૦૧૫

સ્ક્રીન-૩
સ્પેક્ટર (અંગ્રેજી)
૧.૪૫, ૭.૧૫
સ્પેક્ટર (હિન્દી)
૧૧.૦૦, ૪.૩૦, ૧૦.૦૦

સ્ક્રીન-૪
છેલ્લો દિવસ
૪.૦૦, ૭.૧૫, ૧૦.૦૦

સ્ક્રીન-૫
પ્રેમ રતન ધન પાયો
૧૦.૦૦, ૨.૦૦

સ્ક્રીન-૬
પ્યાર કા પંચનામા-૨
૧૦.૦૦
છેલ્લો દિવસ
૧.૦૦
પ્રેમ રતન ધન પાયો
૫.૩૦

ઉમેદવારોને સામાન્ય જ્ઞાનના સવાલો પૂછી યુવા મતદારે ફિલમ ઉતારી

ચૂંટણીમાં ઉભા રહેલા ઉમેદવારો પૈકી મોટાભાગના ઉમેદવારોને રાજ્યપાલ, મુખ્યમંત્રી, વિધાનસભા અધ્યક્ષ કોણ છે તેમજ રાજ્યમાં જિલ્લા, તાલુકા, ગામડાઓ કેટલા અને રાજધાની કઈ છે તેની માહિતી જ નથી : સોશ્યલ મીડીયા પર વાયરલ થયેલ ઓડિયો રેકોર્ડીંગ હાલ હોટ ટોપીક બની ગયું છે

ગાંધીનગર, તા. ૨૦

યે જો પબ્લીક હે યે સબ જાનથી હે... ચૂંટણીમાં ઉભા રહેલા ઉમેદવારો પૈકી મોટા ભાગનાને એક પછી એક ફોન કરી એક નવયુવાન મતદારે રીલ ઉતારી લીધી છે. ધોરણ-૩ થી ૧૦ સુધીના વિદ્યાર્થીઓને જે સામાન્ય જ્ઞાનના પ્રશ્નો પુછવામાં આવે અને તે ફટાક દઈને ઉત્તર આપી દે તેવા ગુજરાતના મુખ્યમંત્રી, રાજ્યપાલ, સ્પીકર કોણ ? અને ગુજરાતના જિલ્લા, તાલુકા, ગામડાઓ કેટલા તેવા સામાન્ય સવાલના જવાબો પણ આપણા એકય જાંબાઝ ઉમેદવારો આપી શકવા સક્ષમ ન હતા.

સોશ્યલ મિડીયા પર વાયરલ થયેલા આ વોઈસ રેકોર્ડીંગ સાંભળતા એક તરફ હસવુ આવે તો બીજી તરફ શરમથી શર ઝુકી જાય તેવી સ્થિતિ સર્જાઈ છે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ભાજપ કોંગ્રેસ કે અપક્ષ તમામ ઉમેદવારો એક બીજાથી પરેશાન થઈ ઉઠ્યા છે અને તેમની પરેશાનીનું કારણ બન્યુ છે સોશ્યલ મીડિયા પર થતા તેમની પરના આકરા પ્રહારો અને હાલમાં ચૂંટણીમાં ઉમેદવારી કરનારા સંખ્યાબંધ ઉમેદવારોને ફોન કરી સામાન્ય પ્રશ્નો પુછી એક યુવાને તેની ઓડિયો રેકોર્ડીંગ કરી તેને સોશ્યલ મિડીયા પર વાયરલ કરી ધૂમ મચાવી દીધી છે.

હાલ આ ઓડિયો રેકોર્ડીંગ સોશ્યલ મિડીયા પર હોટ ટોપીક બની ગયો છે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ઉમેદવારી કરી રહેલા સંખ્યાબંધ ઉમેદવારોને એક યુવાને ફોન કરી પ્રાથમિક શાળાના બાળોકને પણ ખુબજ સરળતાથી આવડે તેવા કેટલાક સવાલો પુછવામાં આવ્યા હતા. જેવા કે ગુજરાતના મુખ્યમંત્રી, રાજ્યપાલ, સ્પીકર, કોણ છે ? અને ગુજરાતના જિલ્લાઓ કેટલા, તાલુકા કેટલા, ગામડાઓ કેટલા, રાજ્ય ગીત કયુ, વિધાનસભાની બેઠક કેટલી અને રાજ્યની રાજધાની કઈ છે તેના જવાબ આપવામાં એક પણ ઉમેદવારો સક્ષમ ન હતા.

સામાન્ય નાગરિકોનું પ્રતિનિધિત્વ કરવા અને દેશના વહીવટીતંત્રમાં રાજકીય વર્તુળમાં જઈ કામગીરી કરનાર ઉમેદવારોને જો સામાન્ય પ્રશ્નોના જવાબ પણ ન આવડે તો શું કરવાનું. મત કોને આપવો તે વિચારવાનો સવાલ છે. સોશ્યલ મિડીયા પર વાયરલ થયેલા આ ઓડિયો રેકોર્ડીંગને સાંભળી અન્ય ઉમેદવારો પણ હરકતમાં આવી ગયા છે.

અને પ્રચારની સાથે સાથે જનરલ નોલેજની તૈયારી કરવા ચોપડીઓ પણ ફેંદી રહ્યા છે. તો કેટાલક ઉમેદવારો ફોન કરી મિત્રો અને અધ્યાપકો કે ટિચરોની પાસેથી જવાબો લઈ રહ્યા છે. ઉમેદવારોને જો આવા સામાન્ય સવાલોના જવાબ ન આવડે ત્યારે આપણુ માથુ ખરેખર શરમથી ઝુકી જાય છે કે આ આપણો પ્રતિનિધિ કે નેતા છે ?

તાજપોશી

અનુસંધાન પહેલાનું ચાલુ

મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ પણ ઉપસ્થિત રહ્યા હતા. જોકે રાહુલ ગાંધી પહોંચી શક્યા નહતા. અત્રે ઉલ્લેખનીય છે કે, ૨૫મી નવેમ્બર ૨૦૦૫ના દિવસે નીતીશકુમારે ગાંધી મેદાનમાં ઐતિહાસિક પ્રાંગણમાં મુખ્ય પ્રધાન તરીકે શપથ લીધા હતા. તત્કાલિન રાજ્યપાલ બુટાસિંહે શપથ લેવડાવ્યા હતા. ત્યારબાદ ૨૬મી નવેમ્બર ૨૦૧૦ના દિવસે ગાંધી મેદાનમાં જ નીતીશકુમારે ફરી શપથ લીધા હતા.

આઈએસની ધમકી

● અનુસંધાન પહેલાનું ચાલુ

રિસર્ચ ઈન્સ્ટીટ્યુટ દ્વારા આ વાત કરાઈ છે. આ વીડિયોમાં ફ્રાન્સના સ્મારકો ઉપર હુમલા કરવાની ધમકી આપતા એક આઈએસ ફાઈટરને દર્શાવાયો છે. સાથે-સાથે વ્હાઈટ હાઉસ ઉપર હુમલા કરવાની ધમકી પણ આપવામાં આવી છે. વીડિયોમાં આ ફાઈટરે કહ્યું છે કે અમે જંગ છેડી ચુક્યા છીએ અને કહેવાતા વ્હાઈટ હાઉસ ઉપર હુમલો કરીને આની પૂર્ણાહુતિ થશે.

આમાં એમપણ જણાવાયું છે કે, અમેરિકી પ્રમુખ બરાક ઓબામા અને ફ્રાંસના પ્રમુખને ખુલ્લી ચેતવણી આપવામાં આવી છે અને કહેવામાં આવ્યું છે કે આત્મઘાતી બેલ્ટ અને કારથી આ બન્ને નેતાઓને ફુંકી મારવામાં આવશે. બન્ને લીડરો જ્યાં કંઈપણ જશે ત્યાં તેમને શોધી કાઢવામાં આવશે. ન્યુયોર્ક શહેર પર હુમલા કરવાની ચેતવણી પહેલાથી જ આપવામાં આવી છે. બીજીબાજુ એફબીઆઈના ડિરેક્ટર જેમ્સ કોમીનુ કહેવુ છે કે, અમેરિકામાં પેરિસ પ્રકારના હુમલાની કોઈપણ વિશ્વસનિય માહિતી મળી નથી.

હિસાબ આપવો પડશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેનાથી અનેકવિધ વિકાસના કામો થાય છે.

તેમણે જણાવ્યુ હતુ કે ૨૦૧૬-૧૭ના વર્ષમાં ગંદાપાણીને શુદ્ધ કરવા માટેના પ્લાન્ટ દરેક શહેરમાં ઉભા કરવા માટેની જોગવાઈ કરવામાં આવનાર છે. જેમાં વહેલા તે પહેલાના ધોરણે મંજૂરી અપાશે અને તેના નિર્માણમાં સરકાર સહયોગ પણ આપશે. તેમણે ૧૦૦ ટકા શૌચાલયો શહેરી વિસ્તારમાં બની ગયા છે ત્યારે ગંદકી ફેલાવનારાઓ સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવે તેની પણ હિમાયત કરી સરકારે હાથ ધરેલી સ્વચ્છતા મિશનની કામગીરીની વિગતો પણ આપી હતી.

ઘરનું ઘર એ સ્વપ્ન નહિ પણ વાસ્તવિક બનાવવા માટે સરકારે સંકલ્પ કર્યો છે. હાલ રાજ્યમાં ૧૦ લાખ જેટલા આવાસોના નિર્માણનું કાર્ય પૂરજોશમાં ચાલી રહ્યું છે. અમે માત્ર વાતો નહિ પણ સામાન્ય માનવીનું સ્વપ્ન સાકાર કરવાનું બિડુ ઉઠાવ્યું છે. અને ચૂંટણીમાં અમે વચન આપ્યુ હતુ તે પૂર્ણ કરીને જ જંપીશુ. તેમણે જણાવ્યું કે એફોર્ડેબલ આવાસ, એલ.આઈ.જી. અને એમ.આઈ.જી.ના મકાનોનું પણ નિર્માણકાર્ય ચાલુ છે.

તેમણે શિક્ષણ, આરોગ્ય સહિત વિકાસના લેવાયેલા નિર્ણોયની જાણકારી આપી હતી.

માફી માગે

અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ ત્રુટીઓ બાબતે સ્ટેન્ડીંગ કમિટીમાં ચર્ચા કરી તેને બહાલી મળે તે પણ જરૂરી હતુ. આ પછી સામાન્ય સભામાં તે રજુ કરવામાં આવનાર જ છે. આમાં સામાન્ય સભાના અધિકાર પર તરાપ મારવાનો કોઈ મુદ્દો નથી.

સામાન્ય સભાની બહાલી પછી મંજૂરી તો રાજ્ય સરકાર જ આપી શકે છે તે વાત સભ્યોએ પણ સ્પષ્ટ રીતે જાણી લેવી જોઈએ.

જો કે કમિશનરશ્રીના ખુલાસા પછી પણ ભાજપ સહિત વિપક્ષના સભ્યોને સંતોષ થયો ન હતો અને સભામાં હો-હાના દૃશ્યો સર્જાયા હતા. આજે શ્રી જ્યોતિકરે ભાજપના સિનીયર આગેવાનોની ગેરહાજરીમાં તંત્રને આડે હાથ લીધુ હતુ અને કમિશનરે માફી માંગવી જ જોઈએ તે વાત પર જીદ પકડી હતી.

શ્રી જ્યોતિકરે સ્ટેન્ડીંગમાં ઘણી બધી બાબતો ખર્ચ કર્યા બાદ મંજૂરી માટે રજુ થતી હોવાનો ગંભીર આક્ષેપ પણ કર્યો હતો.

ભરમાવે નહિ

અનુસંધાન છેલ્લાનું ચાલુ

વચનોનુ પાલન કર્યુ તે પણ નક્કી કરી નવા વચનો આપવા જોઈએ તેમ પણ મંડળે જણાંવ્યુ છે. છેલ્લા બે વર્ષથી ખેડુતો બટાટા અને કપાસના ભાવમાં લુંટાય છે. આમછતા ખેડુતોને ટેકાના ભાવ મળે તેવી કોઈ નીતી વિચારવામાં આવતી નથી.જયારે ચુંટણી સમયે ટેકાના ભાવો અંગે ભ્રામક જાહેરાતો કરી ખેડુતોને ભરમાવાનો પ્રયાસ કરવામાં આવે છે. જયારે કૃષિ મેળાના આયોજનથી પણ ખેડુતોના પેટનો ખાડો પુરાતો નથી. આવા સંજોગોમાં પોષણક્ષમ ભાવ મળે તે ખેડુતો માટે મહત્વની બાબત છે. ચુંટણી ટાંણે ખેડુતોને ઠાલા વચનો આપી ભરમાવતા નેતાઓને ખેડુત હીત મંડળે સીધુ સુણાંવી દીધુ છે. ખેડુતો જરા પણ ખોટી વાતોથી ભરમાશે નહી.

ભરતીને મંજુરી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તા. ૧૫ જાન્યુ. સુધી ભરતીની મંજૂરીની સત્તા કમિશનરને સોંપવાનો ઉલ્લેખ પણ પ્રસ્તાવમાં થયો છે.

જો કે સામાન્ય સભામાં અન્ય મુદ્દાઓ છવાતાં બેઠક વધુ તોફાની બને તે પહેલાં જ મેયરે મતદાન પર પ્રસ્તાવ મુક્યા સિવાય જ દરખાસ્ત મંજૂર કરવામાં આવતી હોવાની જાહેરાત કરી સભાગૃહની કાર્યવાહી પૂર્ણ થયાની જાહેરાત કરી હતી.

ઉહાપોહ

અનુસંધાન છેલ્લાનું ચાલુ

મેયરે એજન્ડા પરની કાર્યવાહી મંજૂર કરવામાં આવે છે તેમ જાહેર કરી સભાની કાર્યવાહી પૂર્ણ થયાની જાહેરાત કરી હતી.

આજે તંત્ર સત્તાધારી પક્ષ અને વિપક્ષ બન્નેના નિશાના પર હતુ. ભાજપના ૫૦ ટકાથી પણ વધુ સભ્યોની ગેરહાજરી હતી અને કોંગ્રેસે અત્યંત આક્રમક રૂખ દાખવી પ્રજાના નાણાંનો વ્યય બંધ કરવા જણાવ્યું હતું.

કોંગીના જ હર્ષજીત પંડ્યાએ સેમિનારનું આમંત્રણ મળ્યુ ત્યારે હવાઈ મુસાફરીનો દર અને જે દિવસે બુકિંગ થયુ તે દિવસના દર વચ્ચે ૧૨ હજારનો તફાવત હતો. આ વધારાનો ખર્ચ કોર્પોરેશનમાં કરવાની જરૂરિયાત શુ હતી તે હજી સમજાતુ નહિ હોવાનું શ્રી પંડ્યાએ કહ્યું હતું.

ઑસ્ટ્રેલિયા જતી ભારતીય ફૂટબૉલ ટીમના કોચ તરીકે ઍસએજીના અધિકારીની નિયુક્તિ

સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઑફ ઈન્ડિયા દ્વારા સ્પૉર્ટ્સ ઑથોરિટી ઑફ ગુજરાત, ગાંધીનગર હસ્તકની જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, સુરત કચેરીમાં ફરજરત ચંદ્રશેખર સોલંકીની પસંદગી

ગાંધીનગર, તા. ૨૦

ઍડિલેડ, ઑસ્ટ્રેલિયા ખાતે આયોજિત પૅસેફિક ઈન્ટરનેશનલ સ્કૂલ ગેમ્સમાં ભાગ લેનારી ફૂટબૉલ ટીમના કોચ તરીકે સ્પૉર્ટ્સ ઑથોરિટી ઑફ ગુજરાતના અધિકારીની પસંદગી કરવામાં આવી છે.

આગામી તા. ૨૧થી ૨૯ નવેમ્બર દરમ્યાન યોજાનાર પેસેફિક ઈન્ટરનેશનલ સ્કૂલ ગેમ્સ (અન્ડર-૧૯, ભાઈઓ)માં ભાગ લેનારી ભારતીય ફૂટબૉલ ટીમના કોચ તરીકે સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઑફ ઈન્ડિયા દ્વારા સ્પૉર્ટ્સ ઑથોરિટી ઑફ ગુજરાત, ગાંધીનગર હસ્તકની જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, સુરત કચેરીમાં ફરજરત ચંદ્રશેખર સોલંકીની પસંદગી કરવામાં આવી છે, તેઓ ૧૯૯૧થી સરકારના સ્પૉર્ટ્સ વિભાગમાં ફૂટબૉલ કોચ તરીકે કાર્યરત છે અને હાલમાં સ્પૉર્ટ્સ ઑથોરિટી ઑફ ગુજરાતની સુરત કચેરી ખાતે સિનિયર કોચ તરીકે ફરજ બજાવી રહ્યા છે.

સુખ પ્રાપ્તિ માટેના ૧૨ સંકલ્પ

પશુ ધ્યેયવિહન હોય છે, પરંતુ બધાં પ્રાણીઓમાં શ્રેષ્ઠ માનવે તો પોતાનું જીવનધ્યેય સુનિશ્ચિત કરી દૈનિક અને ખાસ કરીને રજાઓની દિનચર્યામાં માનવસેવાના ઉમદા ધ્યેયનો સમાવેશ કરવો જોઈએ. ટાઈમ મૅનેજમૅન્ટ શીખી નિર્થરક વાદ-વિવાદો અને બિનજરૂરી બાબતોમાં વેડફાતો સમય બચાવી ધ્યેયસિદ્ધિ માટે સૂક્ષ્મ આયોજન કરવું જોઈએ. સ્વસ્થ-સુખી જીવન મજાથી માણવા માટે આ રહ્યા ૧૨ અમોલા સંકલ્પ :

૧ : રોગશાસ્ત્રની બોલબાલા છે પરંતુ તેથી અનેકગણું અતિ અગત્યનું વિસરાયેલ આરોગ્યશાસ્ત્ર સમજીશું, સમજાવીશું જેથી માંદા જ ન પડાય અને આધુનિક રોગોથી બચાય. આરોગ્યશાસ્ત્રમાં સમગ્ર શરીરનો અને બધી પથીઓમાં શ્રેષ્ઠતમનો તથા સ્વાશ્રયી સ્વાસ્થ્યનો સમાવેશ થાય છે.

૨ : ખુશીઓન ખજાનો લૂંટવો એ આપણા પોતાના હાથની વાત છે. તે માટે સંકલ્પ કરો કે તન સ્વસ્થ અને મન મસ્ત રાખીશું એટલે કે તન અને મન સ્વસ્થ રાખીશું. આ માટે ધ્યાન, યોગ, હાસ્ય ને વ્યાયામ રોજ કરીશું તથા અમૃત આહારની ફોર્મ્યુલા મુજબ સજીવ ખેતીથી પકવેલ ૩૦ ટકા લીલાં શાકભાજી અને સલાડ સાથે ૫૦ ટકા લોહતત્ત્વ-પ્રોટીનસભર આહાર અને ૨૦ ટકા ઋતુ-ઋતુનાં રોજ બેથી ત્રણ ફળ લઈશું.

૩ : 'પ્રેમ વાવે તે પ્રેમ લણે' એ નાય્યે મહર્ષિ પતંજલિનું જીવનસૂત્ર : શ્વાસે, શ્વાસે સૌને પ્રેમ કરો, ભૂલ થયે ક્ષમા માગો/આપો'ને અપનાવીશું.

૪ : 'કરો કસરત, રહેશો તંદુરસ્ત' એ હકીકત પિછાણી રોજ એકાદ

કલાક મનગમતી કસરત કરીશું.

૫ : 'વ્યસન લાવે વિનાશ' તેથી વ્યસન અને વ્યસનીથી સદા દૂર રહીશું અને અન્યને દૂર રાખીશું કેમકે વ્યસન આવે છે ઘોડાપૂરે પણ જાય છે કીડીવેગે.

૬ : મીઠાશભર્યા સંબંધોની સુગંધ હોય તો જીવન મહેંકી ઉઠશે તેથી પ્રતિજ્ઞા જ કરીએ કે અમે સૌ મીઠી મધુરી વાણી જ બોલીશું, કડવી કર્કશ વાણી કદી નહીં.

૭ : હકારાત્મક બની હંમેશા શુભ જ વિચારીશું, સારું જ જોઈશું, સારું જ બોલીશું અને સારું જ સાંભળીશું અને કરીશું.

૮ : ભૂતકાળની નિરર્થક અને દુખદ બીનાઓ સદા માટે ભુલીશું પ રંતુ સારા આનંદદાયક પ્રસંગો યાદ કરી શ્રીકૃષ્ણ ભગવાનની જેમ મરક મરક હસતા રહેવાની સુટેવ પાડીશું

૯ : જેવું વિચારીશું તેવું જ પામશું તેથી સદા સારું શુભ જ વિચારીશું અને નકારાત્મક વિચારોને તો જાકારો જ આપીશું. સારી ભાવના રાખીશું અને પ્રતિજ્ઞા લઈશું કે 'જીભાજોડી કે વિવાદ કદી નહીં પરંતુ સદા સ્નેહસભર સંવાદ જ કરીશું.' બિનજરૂરી સંઘર્ષ નિવારીશું પણ સારા કાર્યોમાં સહયોગી જરૂર બનીશું, બાકી વર્તમાનમાં પ્રસન્નતાપૂર્વક આનંદથી જીવવાની કળા શીખી લઈશું.

૧૦ : સાચા કર્મયોગી બની ધ્યેયસિદ્ધિ માટે રસપૂર્વક સખ્ત મહેનત કરીશું પણ પરિણામ ન મળે તો નિરાશ ન થતાં 'ઈશ્વરને ગમ્યું તે સાચું અને તે અમોને સ્વીકાર્ય'ની ફિલસૂફી અપનાવીશું.

૧૧ : સદા વાતવાતમાં હસતાં-હસાવતાં રહેવાની સુટેવ પાડીશું કારણ કે હાસ્ય લાવે છે સ્વાસ્થ્ય. કોઈ ટીકા કરે તો મન પર ન લેતાં તેને હસી કાઢીશું.

૧૨ : ખાઈશું-પીશું ને મસ્તીથી જીવીશું પરંતુ સાથોસાથ દયા, કરુણા અને સેવાભાવનાના માનવીય ઉમદાગુણોને ઉજાગર કરી થાય તેટલાં માનવસેવાનાં ઉમદા કાર્યો તન, મન, ધનથી કરીશું. માનવસેવાને જીવનમંત્ર બનાવીશું.

- ડૉ. વિનુભાઈ મ. પટેલ